**નેત્રંગના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુ.નેત્રંગ,તા.નેત્રંગ જી.ભરૂચ.**

**ક્રિમીનલ કેસ નંબર–૩૦૬/૨૦૨૬.**
**આંક–**

**ફરિયાદી – સરકારશ્રી**

**વિરુધ્ધ**

**આરોપી– સુરજબેન રમણભાઈ વસાવા**
**રહે.રામકોટ, તા.નેત્રંગ,જી.ભરૂચ.**

**ગુનો–પ્રોહી. એકટ કલમ–૬૫ (એ) (એ) મુજબ**

(૧) આ કામના આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–**૬૫ (એ) (એ)** મુજબના ગુનાની ચાર્જશીટ કરવામા આવેલ છે.

(૨) આ કામે આરોપી હાજર થતા, આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી, પ્લી રેકર્ડ કરવામાં આવેલ ત્યારબાદ આરોપીએ અત્રેની કોર્ટને પોતાની સ્વેરછાએ ગુનાની કબુલાત પુરશીશ રજુ કરેલ છે જેમાં આરોપીનાએ આ તેમનો પ્રથમ ગુનો છે અને આવા પ્રકારના ગુનાનુ ફરીથી પુનરાવર્તન ન થાય તેની ખાત્રી આપી માફી આપવા વિનંતી કરી નજીવો દંડ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આરોપીની ઉપરોકત ગુન્હાની કબુલાત જોતાં અને તેમણે કરેલ રજુઆત જોતાં આરોપીએ પોતે કરેલ ગુનાનો સ્વેચ્છાપુર્વક એકરાર કરેલ છે તે તમામ હકીકત તથા કેસના સંજોગો તથા કાયદામાં ફરમાવેલ દંડની જોગવાઈઓને ઘ્યાને લઈ આરોપીની સ્વેચ્છાપુર્વકની ગુનાની કબુલાતના આધારે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આથી ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા અન્વયે આરોપીને પ્રોહી. એકટ **૬૫ (એ) (એ)** ના ગુના માટે તકસીરવાર ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– (અં કે રૂપિયા સો પુરા) નો દંડની સજા કરવામાં આવે છે. આરોપી દંડ ભરવામાં કસુર કરે તો આરોપીને દિન : ૧ ની સાદી કેદની સજા ભોગવવી.

આ હુકમ આજરોજ તા.૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ લોક અદાલતના સ્પેશીયલ સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : નેત્રંગ

**( બી.આર.લખવાણી )**
**જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, નેત્રંગ,**
**કોડ નં. જીજે૦૧૭૧૧**